# ૨૫ ઓગષ્ટ -૨૦૧૬ (બુધવાર)

**(૧) વર્લ્ડ બેડમિન્ટ રેન્કિંગ**

- રિયો ઓલિમ્પિક બાદ વર્લ્ડ બેડમિન્ટન ફેડરેશન દ્વારા રેન્કિંગ જાહેર કર્યા.
- આ રેન્કિંગ મુજબ ભારતની ટોંચની ખેલાડી સાઇના નહેવાલ નવામાં ક્રમે તથા પી.વી.સિંધુ ૧૦માં ક્રમે યથાવત્ છે.
- સ્પેનની કેરોલીના મારિને પોતાનું ટોંચનું સ્થાન જાળવી રાખ્યું છે.
- પુરૂષ વિભાગમાં ભારતીય સ્ટાર કિંદાબી શ્રીકાંત ૧૦માં સ્થાને રહ્યા હતા.
- તથા પુરૂષ વિભાગમાં પ્રથમ ક્રમે મલેશિયાના લી ચોંગ વેઇ રહ્યા હતા.

**(૨) તિલકરત્ને દિલશાન - શ્રીલંકન ક્રિકેટર**

- શ્રીલંકાના વિસ્ફોટક બેટ્સમેન તિલકરત્ને દિલશાને વન-ડે અને ટી-૨૦ ક્રિકેટમાંથી નિવૃતી લેવાની જાહેરાત કરી.
- વન-ડેમાં તેણે ૩૨૯ વન-ડેમાં ૮૬.૩૪ના સ્ટ્રાઇક રેટથી ૧૦,૨૪૮ રન બનાવ્યા તથા ૭૮ ટી-૨૦માં ૧૮૮૪ રન બનાવ્યા છે.
- વન-ડેમાં તેણે ૧૦૬ વિકેટ પણ ઝડપી છે.
- દિલશાને વર્ષ ૨૦૧૩માં ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃતી લઇ લીધી હતી.

**(૩) ક્રિસ્ટિયાનો રોનાલ્ડો : ફૂટબોલર**

- પોર્ટુગલના સ્ટાર ફૂટબોલર ક્રિસ્ટિયાનો રોનાલ્ડોને યુઇએફએ બેસ્ટ પ્લેયર ઓફ ધ યર જાહેર કરાશે.
- ગત વર્ષ બાર્સેલોનના સ્ટાર લિયોનલ મેસ્સીને આ એવોર્ડ એનાયત થયો હતો.

**(૪) હાજીઅલી દરગાહ - મહિલાઓ પરની પ્રવેશ પાબંધી હાઇકોર્ટ ઉઠાવી :**

- મુંબઇ હાઇકોર્ટ હાજીઅલી દરગાહમાં મહીલાઓના પ્રવેશ પર મુકવામાં આવેલી પાબંદી ઉઠાવી લેવાનો ઐતિહાસિક નિર્ણય આપ્યો.
- ઝાકિયા સોમન અને નૂરજહા નિયાઝ નામની બે મુસ્લિમ મહિલા દ્વારા પીઆઇએલ કરી આ દરગાહમાં મહિલાઓના પ્રવેશ પર લગાવવામાં આવેલ પ્રતિબંધને હટાવવા માગ કરી હતી.
- આવી જ રીતે શનિ શિંગણાપુરના મંદિરમાં સ્રીઓને અભિષેક કરવા મળે એ માટે ભૂમતા બ્રિગ્રેડે જોરદાર લડત આપી હતી.
- ત્યાર પછી અન્ય મંદિરોમાં પણ મહિલાઓના પ્રવેશ માટે અવાજ ઉઠાવનારી ભૂમાતા બ્રિગ્રેડે મુંબઇના વરલીના દરિયામાં આવેલી હાજીઆલી દરગાહના અંદરના ભાગ સુધી મહિલાઓને જવા મળે એ માટે પણ આંદોલન કર્યું હતું.
- ભૂમાતા બ્રિગ્રેડ મહારાષ્ટ્રની સંસ્થા છે જે મહિલાઓ પર થતા અત્યાચાર, અન્યાય તેમજ ભ્રષ્ટાચાર વિરૂદ્ધ લડત આપે છે.
- ભૂમાતા બ્રિગ્રેડના નેતા : દિપ્તી દેસાઇ

**(૫) વિશ્વના સૌથી વધુ કમાણી કરતા અભિનેતા :**

- પ્રખ્યાત મેગેઝીન ફોર્બ્સની યાદી પ્રમાણે વિશ્વાન સૌથી વધુ કમાણી કરતા અભિનેતાઓમાં ટોપ-૨૦માં બોલિવુડ અભિનેતા શાહરૂખ ખાન, અક્ષયકુમાર, સલમાન ખાન અને અમિતાભ બચ્ચન અનુક્રમે આઠમા, દશમાં, ચૌદમા અને અઠારમાં ક્રમે છે.
- આ યાદીમાં પ્રથમ સ્થાને હોલીવુડ એક્ટ ડ્વેન જહોન્સન છે.

**(૬) સરોગસી બિલને કેબિનેટની મંજુરી :**

- દેશમાં ગરિબ મહિલાઓ દ્વારા સરોગસીનો વ્યાપાર ખુલ વધી રહ્યો છે.
- ગરીબ મહિલાઓ વ્યાપાર તરીકે સરોગસીને અપનાવી પોતાની કૂખનો પૈસા માટે ઉપયોગ કરે છે.
- જેને પગલે કેબિનેટ દ્વારા સરોગસી બિલ ૨૦૧૬માં કેટલાંક કડક નિયમો બનાવવામાં આવ્યા છે. અને તાજેતરમાં કેબિનેટ દ્વારા બિલને મંજુરી આપી દેવાઇ છે.
- બિલની મહત્વની જોગવાઈઓ :
  - નજીકના સગાનો જ ઉપયોગ સરોગસી માટે કરી શકાશે.
  - સરોગસી માટે જે મહિલાની કુખ ભાડે લીધી હોય તેનાં મેડિકલ અને અન્ય ખર્ચા જ ચૂકવવાના રહેશે.
- એક સંતાન હોય તો બીજા સંતાન માટે સરોગસીના ઉપયોગ નહીં કરી શકાય.
- સરોગસીનો ઉપયોગ માત્ર એક જ વખત કરી શકાયશે.
- એક નેશનલ સરોગસી બોર્ડ બનાવવામાં આવશે જેના અધ્યક્ષ સ્વાસ્થ્ય પ્રધાન હશે અને બે સાંસદોનો પણ સમાવેશ કરાશે.
- લગ્ન ન કર્યા હોય તેવા લોકો સરોગસીનો ઉપયોગ નહીં કરી શકે.
- સરોગસી માટે અરજી કરનાર યુગલનું લગ્નજીવન પાંચ વર્ષનું હોવું જરૂરી છે.
- જે યુગલ ભારતીય હોય તેને જ સરોગસીનો અધિકાર રહેશે. વિદેશીઓ કે એનઆરઆઇને નહીં.
- જે નવા બિલને મંજુરી આપવામાં આવી છે તેને હવે લોકસભામાં રજૂ કરવામાં આવશે.

(૧) રિયો ઓલિમ્પિક બાદ વર્લ્ડ બેડમિન્ટન ફેડરેશન દ્વારા અપાયેલ રેન્કિંગમા પી.વી. સિંધુ ક્યા ક્રમે છે ?
- ૧૦માં

(૨) બેડમિન્ટન રેન્કિંગમાં પુરૂષ વિભાગમાં કિદામ્બી શ્રીકાંતનો ક્રમ જણાવો.
- ૧૦ મો

(૩) વર્લ્ડ બેડમિન્ટન રેન્કિંગમાં ભારતની સ્ટાર ખેલાડી સાઇના નેહવાલનો ક્રમ (રિયો ઓલ્મિપિક બાદ)
- ૯મો

(૪) તાજેતરમાં કયા શ્રીલંકન ક્રિકેટર વન ડે તેમજ ટી-૨૦માં નિવૃતીની જાહેરાત કરી ?
- તિલકરત્ન દિલશાહન

(૫) યુઇએફ બેસ્ટ પ્લેયર ઓફ ધ યર એવોર્ડ (ફૂટબોલ) કોને અપાયો ?
- ક્રસ્ટિયાનો રોનાલ્ડો

(૬) તાજેતરમાં મુંબઇ હાઇકોર્ટ કઈ દરગાહ પર મહિલાઓના પ્રવેશ માટે પાબંધી ઉઠાવી લીધી ?
- હાજીઅલી

(૭) ભૂમાતા બ્રિગેડના નેતા ?
- દિપ્તી દેસાઇ

(૮) વિશ્વના સૌથી વધુ કમાણી કરતાં અભિનેતાઓમાં ટોપ-૨૦માં કેટલા ભારતીય અભિનેતાને સ્થાન મળ્યું ? - (ફોર્બ્સની યાદી મુજબ)
- ચાર

(૯) સરોગસી બિલ-૨૦૧૬ મુજબ સરોગસીનો ઉપયોગ કેટલી વખત કરી શકાશે ?
- એક વખત

(૧૦) સરોગસી માટે અરજી કરનાર યુગલનું લગ્નજીવન કેટલા વર્ષનું હોવું જરૂરી છે ?
- પાંચ

(૧૧) અગામી સમયમાં નેશનલ સરોગસી બોર્ડ બનાવવામાં આવશે તેના અધ્યક્ષ કોણ હશે ?
- સ્વાસ્થય પ્રધાન